જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
બહુમાળી ભવન, સુરેન્દ્રનગર,
તારીખ : ૫/૧/૨૦૨૨.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
(સરકારી / ગ્રાન્ટેડ / નોન–ગ્રાન્ટેડ,
જી.સુરેન્દ્રનગર.

વિષય : સ્ટેમ કવીઝમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓનુ રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ : ક્રમાંક : ઘ/માધ્ય/પરચ/STEM/૨૦૨૧–૨૨/૨૨૩૬૦–૬૧, તા.૩૦/૧૨/૨૦૨૧.

ઉપરોક્ત સંદર્ભ અને વિષય અન્વયે જણાવવાનુ કે, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ કવીઝનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્ટેમ કવીઝની ઔપચારિક જાહેરાત શિક્ષણ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગના માનનીય શિક્ષણ મંત્રીશ્રી દ્વારા ૧૯–મી ડીસેમ્બર–૨૦૨૧ ના રોજ કરવામાં આવી હતી. ગુજરાત સ્ટેમ કવીઝનુ ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનુ છે. આ કવીઝના માધ્યમથી રાજયના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં જ્ઞાન અને જાગૃતિમાં અભિવૃધ્ધિ થશે.

આ કવીઝમાં ધો–૯ થી ૧૨ ના તમામ પ્રવાહના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

આ કવીઝમાં જીલ્લા અને રાજય સ્તરની સ્પર્ધા ઓનલાઈન માધ્યમથી યોજવામા આવશે. અંતિમ સ્પર્ધા ઓફલાઈન માધ્યમથી યોજવામા આવશે. કવીઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે. આ કવીઝમાં ગુજરાત રાજયના કોઈ પણ બોર્ડ અથવા માધ્યમના ધો–૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફી રાખવામા આવેલ નથી. આ સ્પર્ધામાં શાળાના તમામ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. જેમાં ભાગ લેવા માટે ફરજીયાત ૧૯–જાન્યુઆરી–૨૦૨૨ સુધીમાં નીચે આપેલી લીકમાં રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. રજીસ્ટ્રેશન માટેની લીક : http://gujcost.gujarat.gov.in પર રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત છે. આપની શાળામાંથી મહતમ વિદ્યાર્થીઓનુ રજીસ્ટ્રેશન થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે. આ સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરેલા વિદ્યાર્થીઓને સોફટ કોપીમાં પ્રશ્ન બેંક આપવામા આવશે. કવીઝ વિષે વધુ માહિતી મેળવવા માટે ડો. હોમીભાભા જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, સુરેન્દ્રનગર ના શ્રી વત્સલભાઈ મહેતા નો મો.નં. ૯૮૭૯૧૪૫૪૩૩ માં સંપર્ક કરવાનો રહેશે.

જીલ્લા શિક્ષણાધિકારી
સુરેન્દ્રનગર.

ઠ/૮

ઠ/૮